IndiaFirst
LIFE INSURANCE

**Publication: Manavmitra** **Date: Wednesday, 4th June, 2014**
**Edition: Ahmedabad**

# ઈન્ડિયા ફર્સ્ટલાઈફે ગુજરાત માટે આક્રમક વિસ્તરણ યોજના ઘડી

ઈન્ડિયાફર્સ્ટ લાઈફ ઈન્સ્યોરન્સે ગુજરાતનાં બજાર માટે આક્રમક વિસ્તરણ યોજના ઘડી છે, કંપની વર્ષ ૨૦૧૪-૧૫માં ૨૦ ટકા વૃદ્ધિની યોજનાઓ ધરાવે છે. ઈન્ડિયા ફર્સ્ટ લાઈફનાં ડાયરેક્ટર, સેલ્સ કમલાકર સાંઈએ જણાવ્યું હતું કે, અમારી કંપનીની સ્થાપનાની શરૂઆતથી જ ગુજરાત અમારા માટે મહત્ત્વનું બજાર રહ્યું છે. રાજ્યનું મિશ્ર અર્થતંત્ર અને સાતત્યપૂર્ણ વૃદ્ધિ દર અમારા માટે ઉત્તેજનાત્મક શક્યતાઓ પૂરી પાડી છે. કંપનીએ અત્યાર સુધીમાં ગુજરાતમાં ૧.૬૨ લાખ માનવજીવનને આવરી લીધા છે અને રૂા. ૧૪૮૧ કરોડનો વ્યાપાર કર્યો છે. તેમણે વધુમાં જણાવ્યું કે, અમારી દૃઢ હાજરી અને સહકારે આરા માટે મહત્ત્વપૂર્ણ કાર્ય કર્યું છે. આજે અમે રાજ્યમાં બેન્ક ઓફ બરોડા અને આંધ્રબેન્કની કુલ ૯૪૨ શાખાઓનાં માધ્યમ દ્વારા મજબૂત હાજરી ધરાવીએ છીએ. ગુજરાત રાજ્ય આજે દેશમાં સૌથી વધુ બચતો અને રોકાણો ધરાવતા રાજ્યો પૈકીનું એક છે. વર્ષ ૨૦૧૧ સુધીમાં રૂા. ૩૯.૬ લાખ કરોડનાં રોકાણોનું વચન આપવામાં આવ્યું હતું. રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયાના અહેવાલ અંનુસાર એપ્રિલ ૨૦૦૦ અને નવેમ્બર ૨૦૧૨નાં ગાળા દરમિયાન દેશમાંથી વિદેશી પ્રત્યક્ષ રોકાણ મેળવવા માં ગુજરાતનો પાંચમો ક્રમાંક હતો.

A Joint Venture of
Bank of Baroda Legal & General ANDHRA BANK